ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૫-૨૦૧૩, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

### કૃત્રિક્ષેત્રે ગુજરાતની ગોકળગાય ચાલ કે હરણફાળ?

ગુજરાતમાં છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન ફકત ઔદ્યોગિક ક્ષેત્રે જ પ્રગતિ થઈ હોવાનો ખ્યાલ અર્ધ સત્ય છે. ગુજરાત કૃષિ પ્રધાન રાજય છે. અહીં નો ખેડૂત માટીમાંથી સોનું પકવતો રહ્યો છે. 'રે ખેડૂત, તું ખરે જગતનો તાત ગણાયો' કહી કવિએ ખેડૂતને બિરદાવ્યો છે. પરિસ્થિતિ જરૂર બદલાઈ છે અને હવે નોકરીને કોઈ હલકી નથી ગણતું. પરંતુ કયારેક વિશેષપણે ગુજરાતમાં તો 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને નીચે નોકરી' વાળો રૂઢિપ્રયોગ ખૂબ જાણીતો હતો. ખેતી પર નભતા વિશાળ ભારતીય ઉપખંડમાં ગંગા જમનાનાં ફળદ્રુપ મેદાનો પછી ગુજરાત અને પંજાબની ગોરાડુ જમીનનો નંબર આવે. પંજાબ- હરિયાણા ખેતીમાં આગળ નીકળી ગયાં એનું કારણ સતલજ નદી પર બનેલી નહેરુના સ્વપ્ન સમી ભાખરાનાંગલ સિંચાઈ યોજના. આવી જ મહત્વાકાંક્ષી યોજના નર્મદા પર પણ સાકાર થઈ જતાં ગુજરાત કૃષિ ક્ષેત્રે નંબર-વન બની રહેશે. એમાં શંકાને સ્થાન નથી. કૃષિ વિકાસમાં મધ્યપ્રદેશની ભાજપ સરકારે વિક્રમજનક સિદ્ધિ હાંસલ કરી છે. એનો રાજકીય લાભ પણ પ્રદેશના યુવાન મુખ્યમંત્રીને મળી રહ્યો છે. ગુજરાતમાં નર્મદા યોજના શરૂથી જ અનેક અડચણોનો સામનો કરતી રહી છે. ગુજરાતના તમામ મુખ્યમંત્રીઓએ એને આગળ ધપાવવામાં પોતપોતાના ગજા મુજબનું યોગદાન આપ્યું છે. છેલ્લે જે થોડીક ક્ષતિપૂર્તિ બાકી છે તે હવે પૂર્ણ થતાંની સાથે નર્મદાનાં પાણી ગુજરાત-સૌરાષ્ટ્ર અને કચ્છની ધરતીની તરસ છીપાવવા ધસમસતાં ઘોડાપૂર બની દોડી પડશે. નર્મદાના મુદ્દે રાજકારણ ન થવું જોઈએ. કમનસીબે આપણા નેતાઓએ મા જેવી નર્મદાને પણ અંગત રાજકારણના લાભાલાભનું માધ્યમ બનાવી છે. મોડોવહેલો એમને નર્મદાનો કોપ વહોરવો પડશે. કૃષિમેળા યોજી ખેડૂતોને એમની સુવર્ણયુગનો અહેસાસ કરાવવા માગતા મુખ્યમંત્રીએ કયારેય ખેતી કરી નથી, પરંતુ એ ખેતીપ્રધાન ઉત્તર ગુજરાતના વતની છે અને રાજકીય કારકિર્દી દરમિયાન હરિયાણા-હિમાચલ જેવા ખેતી પર આધારિક મુલકમાં કામ કરી ચૂકયા છે. મોદી એક તરફ દેશ-વિદેશમાં મૂઠી ઊંચેરા રાષ્ટ્રીય નેતા તરીકે પોતાની જાતને પ્રોજેકટ કરવાનો મહત્વાંકાંક્ષી કાર્યક્રમ ચલાવી રહ્યા છે, તો બીજી તરફ ગુજરાતની ગ્રાઉન્ડ રિયાલિટી જાણતા હોઈ ખેડૂતો અને ખેતમજૂરો સાથે તાદાત્મ્ય કેળવવા મથી રહ્યા છે. ઉત્સવપ્રિય પ્રજાને દર પંદર દિવસે કોઈને કોઈ ઉત્સવ સાથે સાંકળી રાખવાની ફાવટ ધરાવતા મુખ્યમંત્રી અખાત્રીજ જેવા તહેવારનો કસ કાઢ્યા વિના રહે ખરા? એટલે એમણે ઉત્તર ગુજરાતના રાધનપુરથી રાજયના કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો છે. એમનું ચાલે તો મોદી પોતાને 'કિસાનપુત્ર' તરીકે રજૂ કરી દેશ આખામાં છવાઈ જવાની વ્યૂહરચના ઘડી કાઢે, પરંતુ બધા જાણે છે કે તેઓ જે જ્ઞાતિ-સમાજ સાથે સંબંધ ધરાવે છે એને બળદ સાતે તો સંબંધ છે પરંતુ હળ સાથે નથી. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની છત્રછાયામાં વિકસ્યા હોવાથી તેઓ ખેડૂતકોમની ખૂબીઓ અને ખામીઓથી વાકેફ છે. ખેડૂતોને ઈઝરાયેલની ટપક સિંચાઈ પદ્ધતિ અને નર્મદા યોજના જેવી મનમોહક વાતો કરી આકર્ષી શકાય છે. મોદીએ રાધનપુરના કૃષિમેળામાં આવી જ મીઠી મધ વાતો કરી અને બનાસકાંઠાના લોકપ્રિય કોગ્રેંસી સાંસદ મુકેશ ગઢવીના અવસાનથી ખાલી પડેલી લોકસભાની બેઠક પર ખેડૂત કોમના ઉમેદવાર ઊભા કરી એ બેઠક કબજે કરવાનો સંકલ્પ પણ કરી દીધો! અલબત્ત, ખેતી જેવા પરંપરાગત વ્યવસાયમાં આધુનિક જ્ઞાન-વિજ્ઞાનનો વિનિયોગ કરી ખેડૂતને બે પાંદડે કરવાની કૃષિનીતિ તો આવકારવી જ રહી. પરંતુ નર્મદાની કેનાલોનું મંથન ગતિએ ચાલતું કામ મોદી સાહેબના પાંચ વર્ષના કાર્યકાળમાં પણ પૂરું થશે કે પછી એ માટે એ વડાપ્રધાન બને ત્યાં સુધી ગુજરાતના ખેડૂતોએ કાગડોળે રાહ જોવી પડશે?

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા 'સાયન્સ ટેલેન્ટ વર્કશોપ'નું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરના વિદ્યાર્થીઓ વેકેશન દરમિયાન પોતાનો સમય વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓમાં ગાળી સમય પસાર કરતા હોય છે તેવામાં નિસર્ગ સાયન્સ સાયન્સ સેન્ટર દ્વારા



તા. ૧૫મી મેથી ૨૧ મે ૨૦૧૩ સુધી સાયન્સ ટેલેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે મોડેલ રોકેટરી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં આરંભમાં નિસર્ગ સાયન્સ સેન્ટરનાં એમ.ડી. અનિલભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને રોકેટના વિવિધ લોગો વિશે તેમજ રોકેટ વિજ્ઞાનના ક્યા સિદ્ધાંત પર કામ કરે છે તેની ઊંડી સમજ આપી હતી. આ વર્કશોપમાં ૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સીંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ વગેરે શીખવાડવામાં



આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાની જાતે સીંગલ સ્ટેજ, ડબલ સ્ટેજ તેમજ પેરાશુટ રોકેટ બનાવ્યા હતા તેમજ આ રોકેટ કેટલી ઊંચાઈ સુધી પહોંચ્યું તેની ગણતરી પણ રીત બતાવવામાં આવી હતી. રીમોટ કંટ્રોલ દ્વારા કઈ રીતે રોકેટનું લોન્ચીંગ થઈ શકે તે પણ વિસ્તૃતથી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તજજ્ઞ રામ મોહન તહોરીયા દ્વારા વિદ્યાર્થીઓને રોકેટ બનાવવામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વર્કશોપને સફળ બનાવવામાં નિસર્ગ સેન્ટરના કૉ. ઓડીનેટર હાર્દિક મકવાણા, હાર્દિક ભટ્ટ તેમજ શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.




સાહેબ, દશ રૂપિયા આપી દો... નહીં તો હું આ પક્ષને ફરીથી વોટ દઈશ અને પાંચ વર્ષ માટે તમને મારી બાજુમાં બેસાડી દઈશે...!!

## પ્રતિભાવંત ખેલાડીઓને ઉનાળુ વેકેશન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત હસ્તકની જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગરની કચેરી દ્વારા દર વર્ષની માફક ચાલુ વર્ષે ૨૧ દિવસનું ઉનાળું વેકેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં એથ્લેટીકસ અને વોલીબોલ કે.જી. હાઈસ્કુલ ચરાડા અને ખોખો અને કબડ્ડી એમ.એચ. વિદ્યાલય મંદિર ડભોડા ખાતે આયોજિત કરવામાં આવેલ છે.

જેમાં દરેક રમત માટે ૨૫ ખેલાડીઓ વિના મૂલ્યે પ્રવેશ આપી નિષ્ણાંત કોચીગ દ્વારા વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવામાં આવશે. કેમ્પ સવાર અથવા સાંજે યોજવામાં આવશેં. તમામ ખેલાડીઓને પોષ્ટિક નાસ્તો આપવામાં આવશે. તા. ૨૩ મે સુધી નામ નોંધવવા જણાવવામાં આવે છે. ૧૫ વર્ષથી ઉંમર ઓછી હોવી જરૂરી છે.

## ગઝલકાર હરીશ મીનાશ્રુને ૨૦૧૨ના વર્ષનો વલી ગુજરાતી ગઝલ એવોર્ડ

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતના પ્રથમ ઉર્દૂ શાયર 'વલી' ગુજરાતીની સ્મૃતિમાં રાજ્ય સરકારે સ્થાપેલા 'વલી' ગુજરાતી ગઝલ કેન્દ્રના ઉપક્રમે પ્રતિવર્ષ કોઇ એક મૂર્ધન્ય ગઝલકારને તેમના સમગ્ર જીવન અને કવનને ધ્યાનમાં રાખી રૂપિયા એક લાખનો વલી ગુજરાતી ગઝલ એવોર્ડ અર્પણ કરવામાં આવે છે.

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી રમણભાઈ વોરાએ આજરોજ જણાવ્યું છે કે, ગુજરાત સાહિત્ય અકાદમીના વલી ગુજરાતી ગઝલ કેન્દ્ર દ્વારા પ્રતિવર્ષ કોઇ એક મૂર્ધન્ય ગઝલકારને અપાતો વલી ગુજરાતી ગઝલ એવોર્ડ વર્ષ ૨૦૧૨ માટે ગુજરાતના મૂર્ધન્ય અને પ્રયોગશીલ ગઝલકાર શ્રી હરીશ મીનાશ્રુને અર્પણ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ એવોર્ડમાં સન્માન પ્રતીક, શાલ તથા રૂ. એક લાખ અર્પણ કરવામાં આવે છે. વલી ગુજરાતી ગઝલ એવોર્ડ આ અગાઉના વર્ષોમાં સર્વશ્રી રતિલાલ 'અનિલ', આસિમ રાંદેરી, 'આદિલ' મન્સુરી, 'જલન' માતરી, રાજેન્દ્ર શુક્લ,ચિનુ મોદી અને ભગવતીકુમાર શર્માને પણ અર્પણ કરવામાં આવ્યો છે. શ્રી હરીશ મીનાશ્રુને હવે પછી જાહેર સમારંભ યોજીને આ એવોર્ડ અર્પણ કરવામાં આવશે. શ્રી હરીશ મીનાશ્રુના અનેક ગઝલ સંગ્રહો પ્રગટ થયા છે.

## એસ.સી., એસ.ટી.ના અતિ પછાત વિદ્યાર્થીઓ જોગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા વિવિધ અભ્યાસ ક્રમના ૭૦ થી વધુ કોર્ષ માટે પ્રવેશ પ્રક્રિયા અત્યારે હાલ યુનિવર્સિટીના વિવિધ અભ્યાસકેન્દ્રો પર ચાલી રહી છે. જેમાં યુનિવર્સિટી દ્વારા પ્રથમ વખત એસ.સી. તેમજ એસ.ટી.ના અતિ પછાત જ્ઞાતિમાં આવતા તમામે તમામ વિદ્યાર્થીઓને ફોર્મ તથા અભ્યાસક્રમમાં બધી જ ફીમાંથી મુક્તિ આપવામાં આવે છે. તો આવા અતિ પછાત વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા તેમજ યુનિવર્સિટીની વિવિધ યોજનાઓનો લાભ લેવા જણાવવામાં આવે છે. જેમાં તારીખ ૧૬મી મે ના રોજ સવારે ૮ થી ૧૧ દરમ્યાન શાંતિનિકેતન માધ્યમિક શાળા બ્લોક નંબર ૪/૧ છ-ટાઈપ, સેક્ટર-૨૯ ખાતે હાજર રહેવા સંસ્થાના વડા બીપીનભાઈ રાવલ દ્વારા જણાવવામાં આવેલ છે.

## વિડિયોગ્રાફી મારો શોખ નહિં... મારી આજીવિકા છે : મહેશકુમાર સાધુ

ગાંધીનગર, તા. ૧૫

આજકાલ ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી ઘણા માણસોનો માત્ર શોખ હોય છે. જયારે અમુક લોકો માટે આ શોખ નહિં પણ જીવનની આજીવિકા હોય છે, તેવું ગાંધીનગર ખાતે યોજાયેલ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની લોન- વાહન વિતરણ સમારંભમાં ઉપસ્થિત ગાંધીનગરના સેકટર-૧૩માં રહેતા લાભાર્થી મહેશભાઈ બાલકદાસ સાધુએ જણાવ્યું હતું.

તાજેતરમાં ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા ગાંધીનગરની સ્ટાફ ટ્રેનીગ કોલેજ, સેકટર-૧૭ ખાતે સમાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરાના અધ્યક્ષ સ્થાને લોન-વાહન વિતરણ સમારંભ યોજાયો હતો. આ વિતરણ સમારંભમાં ગાંધીનગરના સેકટર-૧૩/બીના પુષ્પક એપાર્ટમેન્ટના બ્લોક નંબર-૮/૧૪૩માં રહેતા મહેશકુમાર બાલકદાસ સાધુને રૂપિયા ૫૦ હજાર જેટલી માતબર રકમની લોન તેમના વિડિયો ગ્રાફીના વ્યવસાય માટે આપવામાં આવી હતી.૫૦ હજારની કિંમતનો ચેક હાથમાં લઈ આવેલા મહેશકુમારે જણાવ્યું હતું કે, હું લગ્ન-સંગે અને અન્ય કાર્યક્રમમાં વિડિયોગ્રાફીનું કામ કરું છે. તેના પર



મારી પત્ની પદ્મા, બે દીકરા અને એક દીકરીનું ગુજરાન ચલાવું છું. આજના બદલાતા સમયમાં લોકો સતત નવી નવી ટેકનોલોજી સાથેનું કામ માંગે છે.... આજીવિકા સતત ચાલું રહે તે માટે ગ્રાહકોની અપેક્ષા અનુસાર નવી ટેકનોલોજીથી સજ્જ પણ રહેવું પડે છે.. કયારેક આવા અધયતન વિડિયોગ્રાફીના કેમેરા લેવા માટે ઘણી મર્યાદાઓ આડી આવે છે. જેના કારણે કયારેક સારું કમાઈ શકીએ તેવા ઓર્ડર છોડવા પડે છે. આજે મને અહી રૂપિયા ૫૦ હજારની કિંમતનો ચેક મળ્યો છે. તે રૂપિયામાંથી હું અધયતન કેમેરાની ખરીદી કરીશ.

રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં મારા જેવા કેટલાય ઘરોમાં આવી અનેક સહાયો પહોંચી છે. ઘણા મહેનતું યુવાનો પોતાનો વ્યવસાય કરવા માંગતા હોય છે, પણ આજના સમયમાં આવી માતબર રકમની સહાય કોણ કરે છે. સાધન-સહાયના અભાવે ઘણા યુવાનો પોતાની મંજિલ સુધી પહોંચી શકતા નથી. જરૂરિયાતમંદ યુવાનોને રાજય સરકાર લોન રૂપી ટેકો કરે છે. જેના થકી અમે પણ અમારા સ્વપ્નને પુરા કરવાની મહેચ્છા રાખીએ છીએ. રોજગારી તરફ વળેલો યુવાન વ્યસન, ગુનાહિત જેવી -વૃતિઓથી દૂર રહે છે. સમાજમાં ગર્વભેર ચાલી શકે છે. મા-બાપનો ટેકો પણ બને છે.

## શ્રીમતીજીએ સાંજનો પુણ્ય કમાવાનો પ્રોગ્રામ પાકો કરી નાખ્યો એટલે સંસારના સૌ કહ્યાગરા કંથોની જેમ અમેય 'ભલે તમે કહો તેમ...' કહી ઓફિસે સીધાવ્યા

### ગુરૂવારની ગપસપ

\- પ્રકાશ લાલા

"કહું છું... લાલાકાકા આવી ગયા છે, હોં!"

"હેં?" અમારાં શ્રીમતીજીએ સવાર સવારમાં આપેલા સમાચારથી અમે ચમકી ઊઠયા : "લાલાકાકા આવી ગયા? અરે, એમની રોજિંગી 'હાઇવોલ્યુમ' પી... પીપ... 'પનુભાઇ, ઘરમાં છો કે નહીં યાર...? વગાડયા વગર રેડઅંકલ આપણે ત્યાં આવી જાય એ બને જ નહીં.' અમે કહ્યું.

"અરે ભગવાન, લાલાકાકા એમ આપણે ત્યાં આવી ગયાની વાત નથી."

"એમ નહીં તો કેમ આવી ગયાની વાત છે?"

"અરે, લાલાકાકા ને કાકી ચારધામની જાતરાએ ગયાં હતાં ને... ત્યાંથી પરત આવી ગયાની વાત કરૂં છું."

"હં... હં..." શ્રીમતીજીની વાતથી અમારા દિમાગમાં 'લાઇટ' થઇ ને સાથે થોડી રાહત પણ થઇ કે અંકલ અમારે આંગણે આવી નથી પહોંચ્યા એટલે હાલ એમના 'લપપુરાણ'ના ખતરામાંથી મુક્ત છીએ.

"સાંભળો છો... સાંજે તમે ઓફિસેથી આવી જાઓ એટલે આપણે કાકા-કાકીને મળી આવીશું... જાતરા કરીને આવનારને પગે લાગવાથી આપણને ય જાતરાનું પુણ્ય પ્રાપ્ત થાય છે..."

શ્રીમતીજીએ સાંજનો પુણ્ય કમાવવાનો પ્રોગ્રામ પાકો કરી નાખ્યો એટલે સંસારના સૌ ભલા કહ્યાગરા કંથોની જેમ અમેય 'ભલે... તમે કહો તેમ...' કહી ઓફિસે સીધાવ્યા.

સાંજે 'સજોડે' એટલે કે પગમાં જોડા સાથે અમારૂં 'જોડું' રેડ અંકલના સત્તાવાર નિવાસસ્થાને પહોંચ્યું ત્યારે આરામ ખુરશીમાં બેચેન દર્દ ભરી અવસ્થામાં બિરાજમાન લાલાકાકા અને જોડે બેસીને એમની પગચંભી કરતાં કાકીનાં દર્શન થયા.

શ્રીમતીજીના ઇશારે અમે બંનેને પગે લાગ્યાં. શ્રીમતીજી ઉવાચ : "કાકા-કાકી, આશીર્વાદ આપો."

"ઓહ... સુખી થાવ... ઓ... મા..રે.." અમને આશીર્વાદ આપવા આરામ ખુરસીમાં થોડા ઊંચા થયેલા અંકલના મોંમાંથી આશીર્વચનની સાથે ઓહ.. આહ.. ઓ મા..રે.. જેવાં વેદ(ના) વચનો પણ સરી પડ્યાં હતાં...

"કાકી, જાતરા કેવી રહી?" અમારાં શ્રીમતીજીએ ઔપચારિક પૃચ્છા કરી.

"તમે જુઓ છો એવી, પનુભાઇ..." કાકીને બદલે કાકાએ દુઃખી સ્વરે, થોડા આક્રોશ સાથે ઉત્તર આપ્યો.

"અંકલ, તબિયત બગડી લાગે છે... ત્યાં યાત્રામાં કે અહીં આવીને બગડી? તાવ-શરદી જેવું લાગે છે..." અમે વધુ જાણવા પ્રશ્ન કર્યો.

તો અંકલે અંકલી સોરી કાકી સામે ક્રોધિત નજરે જોઇને કહ્યું : "તાવ કે શરદી નથી... આ તો 'ઘોડાવા' છે."

"શું? ઘોડાવા એટલે?"

"પનુભાઇ, કેદારનાથને યમનોત્રી જવા ઉપર ચઢવાનું હોય છે... એમાં પગથિયાં ચઢીને - ચાલીને જવાય અને ડોલી-ઘોડાનો વિકલ્પ પણ હોય છે... મેં તમારી કાકીને કહ્યું આપણે ડોલીમાં બેસીએ ને ચાર જણ આપણને ઊંચકીને ચાલે એ તો એક પ્રકારની ક્રૂરતા કહેવાય. પેલા ડોલી ઉંચકનારાને કેટલું કષ્ટ પડે! એટલે હું તો જાતે ચાલીને ચઢી જઇશ... તો ડોલીએ ચઢવા ઉત્સુક તમારી આ અંકલીએ મને ચાલીને ચઢવા માટે ધરાર 'અનફિટ' જાહેર કર્યો એટલે મેં વટમાં ને વટમાં ઘોડે ચઢવાનો વિકલ્પ પસંદ કર્યો."

"હં..."

"પનુભાઇ, મનમાં એમ કે ચાલીસ વર્ષ પૂર્વે લગ્ન વખતે ઘોડા પર બેસવાનો આપણને અનુભવ છે જ એટલે વાંધો નહીં આવે... પણ વરઘોડાનો ઘોડે કે ઘોડી, વરઘોડાનો હાસ્તો એ સાવ જુદી વાત છે અને પહાડ ઉપર ચઢનારૂં ખચ્ચર, એક તરફ ઊંડી ખીણ ને બીજી બાજુ પર્વતવાળા ચઢાણનો ડરામણો રસ્તો... આવી ઘોડેસવારીનો અનુભવ કયાંથી હોય આપણને, હેં!"

"હાસ્તો, અંકલ.." અમે ટાપસી પુરાવી.

"પનુભાઇ, હું ઘોડે તો ચઢ્યો પણ પછી ઘોડો ટપ...ટપ.. પગથિયાં ચઢે ને ઉતરે એટલે એની પીઠ પર સવાર આપણે ય આખા ઊંચા થઇને પાછા પછડાઇને એમાં સાલી 'સીટ' સજ્જડબમ્મ થઇ ગઇ... ઓહ..." વાત કરતાં કરતાં અંકલ આરામ ખુરશીમાં સહેજ હસ્યા એમાં એમને દુખ્યું એટલે દર્દભરી ચીસ નીકળી ગઇ...

"એ તો છે જ અંકલ."

"પનુભાઇ, મારો બેટો ઘોડાવાળો તો 'બાબુજી, આપ આરામ સે બૈઠે રહો... યે નહીં ગિરાયેગા...' કહીને ઘોડાને છૂટ્ટો મૂકી દે... ઘોડું ઘડીકમાં છેક કિનારે જતું રહે એટલે નીચે ઊંડી ખીણ જોઇને આપણાથી બીકનાં માર્યા ચીસ પડી જાય... ને પડી જવાના ભયે ઘોડાને પગની પકડ ફીટ કરવાથી પગની નસો ખેંચાઇ ગઇ છે... ઓ મા..રે..."ફરી અંકલનાં મોંમાંથી ચીસ નીકળી ગઇ...

"લાલાકાકા, અહીં ગરમ પાણીનો શેક, દવા કરશો એટલે ધીરે ધીરે રાહત થઇ જશે... પણ એક નવો અનુભવ તો મળ્યો.." અમે અંકલને આશ્વાસન આપ્યું.

"પનુભાઇ, ત્યાં ઘોડે ચઢવા પૂર્વે અમે બીજા ઘોડે સવાર થયેલા યાજ્ઞાળુઓને જોતાં ત્યારે થયેલું ને હસવું ય આવી ગયેલું. કે આ લોકો ઘોડેસવારી કરે છે તો જરા ઠાઠમાઠથી ને રૂઆબદાર ચહેરે કેમ નથી બેસતા... બધા ભયના માર્યા ને કયારે હેઠે ઉતરી જઇએ એવા ભાવ સાથે ઊંચે જીવે કેમ ઘોડા પર બેઠા છે...? પણ પછી તો અમારી ય એ જ દશા હતી..."

"એટલે અંકલ, પેલા લોકો કહેતા હશે કે અમ વીતી તુજ વીતશે... ધીરી બાપુડીયા.."

"હા... પનુભાઇ..." પણ અંકલ, "ઘોડાવા" સિવાય ચારધામ યાત્રાનો બીજો અનુભવ કેવો રહ્યો? અમે અંકલનો ઇન્ટરવ્યુ લેતાં પૂછ્યું...

"પનુભાઇ, કેદારનાથ - ગંગોત્રી - યમનોત્રી - બદ્રીનાથ આ ચારે ધામોનું અનોખું મહાત્મય છે... બરફ છવાયેલા પહાડો વચ્ચે, વહેતાં ઝરણાં કે મંદાકિની - ભાગીરથી - અલકનંદા - ગંગા નદીઓ સાથે સાથે ચાલતા રસ્તા, ચારેકોર વેરાયેલા નૈસર્ગિક સૌંદર્યવાળાં આ યાત્રાધામો કે પ્રવાસધામો સાચે જ સુંદર - અવર્ણનીય છે... પરંતુ ત્યાંથી ગંદકી - અસ્વચ્છતા - પ્લાસ્ટિક બોટલ્સ - નાસ્તાનાં ખોખાં - પડીકાં - પાઉચનાં ઢગલાં... તોબાં... તોબાં..."

"લાલાકાકા, એ બધા માટે જવાબદાર કોણ છે?"

"આપણે સ્તો!! અલ્યા ભાઇ, ત્યાં જતા આવતાં યાત્રાળુઓ ચારધામ કુદરતી સૌંદર્યનાં વખાણ કરતા જાય, અહીં થોડી ચોખ્ખાઇ જળવાય તો આની આગળ સ્વીટ્ઝર્લેન્ડ પણ પાણી ભરે એમ કહેતા જાય ને પાછા પોતેય પોતાનો કચરો ત્યાં જ ગમે ત્યાં વેરતા જઇ ગંદકીમાં ઉદાર હાથે ફાળો નોંધાવયા જાય... આનું શું કરવું, પનુભાઇ?"

"આજ તો આપણી વિશિષ્ટતા છે, લાલાકાકા... બીજાની ભૂલની ટીકા કરવી એ તક મળે આપણે એ જ ભૂલ કરવાનું ચૂકવું નહીં... પણ અંકલ, તમે તો ત્યા તમારી પાસેનો કચરો નહોતો ફેંક્યોને ?" અમારાથી પૂછાઇ ગયું.

... ને રેડઅંકલે "ઓહ.. ઓહ.. ઓ મા..રે.." કરતાં રહી પોતેય એ (અ) શુભ કાર્ય કરવામાંથી બાકાત નહોતા રહ્યા એવો સાચો જવાબ યુક્તિપૂર્વક ટાળતા રહ્યા!!

**'પનુભાઈ, ચાલીસ વર્ષ પહેલાં લંડનના વરઘોડામાં જે ઠાઠથી ઘોડે ચઢેલા એ લ્હાવો જુદો હતો... પણ ચારધામ યાત્રા દરમિયાન કરવી પડેલી ઘોડેસવારીએ તો મને અધમૂઓ કરી નાખ્યો... ઓહ... ઓ મા..રે..' કહેતાં રેડઅંકલના મોંમાંથી દર્દ ભરી ચીસ નીકળી ગઈ**